

**પાલનપુરમાં કેવડા ત્રીજના દિવસે પૂજા અર્ચના**

જિલ્લા મથક પાલનપુરમાં આબુ ખાતે આવેલ હનુમાન ટેકરી ખાતે આજે કેવડા ત્રીજના દિવસે મહિલાઓએ પૂજા અર્ચના કરી હતી. ભાદરવા સુદ ત્રીજને પવિત્ર દિવસે મહિલાઓએ કેવડા ત્રીજ વ્રતની ઉજવણી કરી પતિના દીર્ઘ આયુષ્ય માટે તહેવારોમાં કેવડાત્રીજનુ વ્રત મુખ્ય છે. આ વ્રત ભાદરવા માસના શુક્લ પક્ષના ત્રીજના દિવસે કરવામાં આવે છે. તે દિવસે હસ્ત નક્ષત્ર યુક્ત હોય છે અને તે દિવસે વ્રત કરવાથી બધા ફળોની પ્રાપ્તિ થાય છે. આ વ્રત સ્ત્રીઓને સૌભાગ્ય આપવા અને તેમના સૌભાગ્યની રક્ષા કરનારુ છે. દેશમાં લગભગ બધી જ જગ્યાએ આ વ્રત કરવામાં આવે છે. આ દિવસે શંકર અને પાર્વતીની શાસ્ત્રમાં બતાવેલ વિધિ મુજબ વિશેષ રૂપે પાર્થિવ પૂજા કરવામાં આવે છે. સ્ત્રીઓ આ દિવસે નિર્જળ ઉપવાસ કરે છે અને સાંજે વિધિપૂર્વક શિવ-પાર્વતીની પૂજા આરતી અને કેવડાત્રીજના વ્રતની કથા સાંભળે છે. અને શિવને પ્રાર્થના કરે છે કે મારો પતિ દીર્ઘાયુ બને તેમજ સુહાગ અમર રહે. રાત્રે પણ તે પાણી પીતી નથી. વહેલી સવારે સ્નાન-પૂજા કરી સૂર્યોદય પછી તે પારણા કરે છે અને ઉપવાસ તોડે છે. કુંવારી છોકરીઓ આ વ્રત દ્વારા એવુ માંગે છે કે તેમનો ભાવિ પતિ સુંદર અને સુયોગ્ય હોય.

# માલપુર-મેઘરજ રોડ પર પડેલા ભુવા-ગાબડાઓથી હાલાકી

મોડાસા, તા. ૨૪

મોડાસામાં છેલ્લા બે દિવસથી પડેલા ૨ ઈંચ જેટલા વરસાદે નગરપાલિકાતંત્રએ પાછલા એકથી દોઢ વર્ષના ટૂંકા ગાળામાં બનાવેલા મોટા ભાગના રહેણાંક વિસ્તારોને જોડાતા અને સોસાયટીમાંથી પસાર થતા માર્ગોના હાલ ચિથરેહાલ બનતા અને માલપુર રોડથી મેઘરજ રોડને જોડાતો શ્રી રવિશંકર મહરાજ ડીપી રોડ પર પડેલા મસ-મોટા ભુવાથી અને ઠેર-ઠેર પડેલ ગાબડાથી નગરપાલિકાની ભ્રષ્ટાચારની પોલ છતી થઈ ગઈ હતી.

રોડ પર પડેલો મોટાભુવામાં કોઈ રાહદારી કે વાહનચાલક ખાબકે તે પહેલા મરામત કરવામાં આવે તેવી લોકમાંગણી પ્રબળ બની છે. મોડાસા નગરપાલિકાના મેયર વનીતાબેન પટેલની ભ્રષ્ટાચાર વિરુદ્ધની સ્વચ્છ છબી અધિકારીઓની અને કોન્ટ્રાક્ટરોની મીલીભગતથી ખરડાય તે પહેલા ભ્રષ્ટાચારીઓ વિરુદ્ધ સખ્ત કાર્યવાહી કરે અને હાલાકી કક્ષાનું અને ગુણવત્તાસભર કામ ન કરતા કોન્ટ્રાક્ટરોને બ્લેક લિસ્ટ કરવામાં આવે તેવું શહેરીજનો ઈચ્છી રહ્યા છે.



મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્રએ બનાવેલ તમામ માર્ગો ટૂંકા ગાળામાં વરસાદથી ધોવાતાં લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. શહેરી વિસ્તારોમાં રસ્તાઓની સુવિધા અને પાકા રસ્તાઓ રાજ્ય સરકારે વિશેષ ગ્રાન્ટો પાલિકાને ફાળવી છે. મોડાસા નગરપાલિકામાં છેલ્લા ૨૫ વર્ષથી ભાજપ સતાધારી પક્ષ તરીકે બિરાજતા રાજ્ય સરકાર તરફથી મોડાસા શહેરના રસ્તાઓ માટે(આર.સી.સી અને ડામર) રોડ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટો મોડાસા પાલિકાને આપી છે પરંતુ પાલિકા દ્વારા પાછલા એકથી દોઢ વર્ષની અંદર તૈયાર કરાયેલા મોટાભાગના રસ્તાઓ પ્રથમ વરસાદી સિઝનમાંજ સાવ ધોવાઈ જતા પલાઈકાની ભ્રષ્ટાચારની પોલ છતી થઈ ગઈ છે. હાલ સમગ્ર શહેરના મોટાભાગના રસ્તાઓ ધોવાણ થતા શહેરના રાહદારીઓ અને વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા છે.

માલપુર રોડથી મેઘરજ રોડને જોડાતો શ્રી રવિશંકર મહરાજ માર્ગને બનાવ્યાને દોઢેક વર્ષનો સમય ગાળો પણ થયો નથી અને રોડ પર ઠેર-ઠેર ગાબડાં પડતા નગરપાલિકા તંત્રદ્વારા મરામત કરી ભ્રષ્ટાચારના થીગડાં મારી દીધા હતા પરંતુ છેલ્લા બે દિવસમાં બેઈંચ જેટલો વરસાદ પડતા ફરીથી માર્ગપર મોટા-મોટા ખાડાઓ અને પાવનસિટી નજીક મસ-મોટો ભુવો પડતા નગરપાલિકા તંત્રના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર મિલીભગતી આચરવામાં આવેલા ભ્રષ્ટાચાર અને ગોબાચારી બહાર આવતા લોકોમાં નગરપાલિકાના ભ્રષ્ટાચારી વહીવટ સામે રોષ ફાટી નીકળ્યો છે અને આગામી સમયમાં યોજાનાર વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણીમાં મોડાસા નગરપાલિકાના ભ્રષ્ટ વહીવટથી કંટાળેલ લોકો કોંગ્રેસના ઉમેદવારને મત આપી વિરોધ દર્શાવે તો નવાઈ નહિ. મોડાસા નગરપાલિકાના ભ્રષ્ટાચારનો ભોગ ભાજપ પક્ષને આગામી સમયમાં નુકસાન પણ પહોંચાડી શકે છે.

# અરવલ્લી જિલ્લાના ધનસુરામાં કેવડા ત્રીજનુ પર્વ ઉજવાયું

અરવલ્લી, તા. ૨૪

મહિલાઓએ પૂજા અર્ચના કરી મહાદેવજીને કેવડાના પુષ્પ અને વનસ્પતિ સાથે ફૂલ ફળ પણ



અર્પણ કરે છે. આજે કેવડા ત્રીજ છે. મહાદેવજીને કેવડાના પુષ્પ અને વનસ્પતિ ફૂલ ફળ અર્પણ કરાય છે. કુવારિકાઓ પોતાને સારો જીવનસાથી મળે એ માટે પૂજા કરે છે. અને સૌભાગ્યવતી સ્ત્રીઓ પોતાના પતીના દીર્ઘાયુષ્ય માટે પૂજા કરે છે. આ દિવસે કેવડાના પુષ્પ વનસ્પતિ ફળ ફૂલ મહાદેવજીને ચડાવવામા આવે છે. કેવડા ત્રીજનાં દિવસે યથાશક્તિ ‘ઓમ્ નમઃ શિવાય’નો જાપ પણ કરવો જોઈએ અને શિવજીનું સ્મરણ કરવામાં આવે તો મનોકામના પૂર્ણ થાય છે. એવું કહેવાય છે કે સુગંધિત એવા આ કેવડાના પુષ્પને શિવજીનો શાપ લાગ્યો હતો કે તારામાં ગમે તેટલી સુગંધ હોવા છતાં મારી પૂજામાં જો કોઈ તારો ઉપયોગ કરશે તો તે મારો શાપિત બનશે.

પરંતુ એકવાર જ્યારે પાર્વતીજીએ ભગવાન શિવજી પોતાના પતિ બને તે માટે પાર્થિવેશ્વર શિવજીનું પૂજન કર્યુ અને તેનાં ઉપર સુગંધિત કેવડાનું પુષ્પ અર્પણ કર્યુ તે દિવસે તિથિ ભાદરવા સુદ ત્રીજ હતી. તે સમયે ભગવાન મહાદેવજીએ એવા આશીર્વાદ આપ્યા હતા કે આ દિવસે મારી પૂજા કરનારને ઈચ્છિત ફળની પ્રાપ્તિ થશે અને સૌભાગ્યવતી સ્ત્રીઓનાં પતિનાં આરોગ્યની પ્રાપ્તિ સાથે દીર્ઘાયુ થશે ત્યારથી આ દિવસે કેવડા ત્રીજનું વ્રત કરવામાં આવે છે. સાથે જ કુમારિકાઓ પણ યોગ્ય પતિની કામના માટે આ વ્રત કરતી હોય છે. આમ આજે કેવડાના પુષ્પ અને વનસ્પતિ અને ફૂલ ફળ અર્પણ કરાય છે.

# ભારતીય બૌદ્ધ સંઘ આયોજિત સમાનતા, સમરસતા સંકલ્પયાત્રા પ્રાંતિજ-તલોદ ખાતે આવી પહોચી

પ્રાંતિજ, તા. ૨૪

ભારતીય બૌદ્ધ સંઘ ગુજરાત




પ્રદેશ દ્વારા આયોજિત સમાનતા-સમરસતા સંકલ્પ યાત્રા સાબરકાંઠાના પ્રાંતિજ- તલોદ ખાતે આવી પહોચી હતી અને બન્ને જગ્યાએ નગરજનો યાત્રાના ઉદેશ અંગે જાણકારી આપવામાં આવી હતી.

તમામ ધર્મ, સંપ્રદાયના લોકો અને સામાજીક રીતે પછાત જ્ઞાતિના તમામ લોકો એક બીજા સાથે સાત્પીતાપૂર્વક અને માણસાઈના અભિમાનથી પરસ્પર પોતપોતાની ફરજો સારી રીતે અને માણસ માણસ ધર્મના નામે થતું શોષણ મૃતક માનવ વ્યવસ્થાના વિચારો સાથે લોકોમાં જનજાગૃતિના સંદેશ સાથે નિકળેલ ભારતીય બૌદ્ધ સંઘ સમાનતા, સમરસતા સંકલ્પયાત્રા ૩૩ જિલ્લાઓમાં તથા ૨૨૫ તાલુકાઓમાં પરિભ્રમણ કરે છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ-તલોદ ખાતે આવી હતી. જેમાં યાત્રામાં એનીમલ વેલફેર બોર્ડ ભારત સરકારના દિલીપભાઈ શાહ, ભારતીય બૌદ્ધ સંઘના મંહતશ્રીઓ સાબરકાંઠા જિલ્લાનાં સમરસતા સંયોજન જયંતિભાઈ પટેલ, સુનીલ દાસજી મહારાજ, તલોદ નગર પાલિકાના મહિલા પ્રમુખ, પ્રાંતિજ ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, નટુભાઈ બારોટ સહિત ભારતીય બૌદ્ધ સંઘ હોદ્દેદારો આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં અને પ્રાંતિજ તલોદ ખાતે સંકલ્પ યાત્રાનું સ્વાગત સાથે સર્વ ધર્મના આગેવાનો સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા.

# મોયદ પ્રાથમિક શાળા તથા આંગણવાડીના બાળકોને તિથીભોજન

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના મોયદ ખાતે આવેલ પ્રાથમિક શાળા તથા આંગણવાડીના ભુલકાઓને તિથીભોજન આપવામાં આવ્યું હતું. મોયદ ખાતે આવેલ ત્રણ પ્રાથમિક શાળા તથા ત્રણ આંગણવાડીના ૩૦૦ જેટલાં બાળકોને મોયદ નિવાસી અને મોયદ નાથાજીવાસમાં રહેતાં હિતેન્દ્રસિંહ રાઠોડ દ્વારા તિથિભોજન આપવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક શાળાના તથા આંગણવાડીના બાળકોએ તિથીભોજન લઈને આનંદ વ્યક્ત કર્યો હતો.



ધાનેરામાં આવેલા વિનાશક પૂરના લીધે ધંધા રોજગાર કરતા વેપારીઓને માલસામાનમાં કરોડો રૂપિયાનું નુકશાન થયું છે. ત્યારે સરકાર દ્વાર આપવામાં આવેલ અસરગ્રસ્ત વેપારીઓ માટે સહાય ચુકવણીમાં ગેરરીતિઓ થતી હોવાની ફરિયાદ ઉઠી રહી છે. ધાનેરા શહેરના નીચાણવાળા વિસ્તારના વેપારીઓનું માલસામાન પૂરના પાણીમાં નાશ થઈ ગયો છે. રાજ્ય સરકારે કાચી અને પાકી દુકાનના વેપારીઓ માટે ૧૫૦૦૦ થી ૭૫૦૦૦ની સહાયની ચુકવણી હાથ ધરી છે. પરંતુ સરકારી બાબુઓની મીલીભગતના લીધે સહાય ચુકવણીમાં ગેરરીતિની ફરિયાદોને લીધે આજે જિલ્લા મથક પાલનપુરમાં જિલ્લા કલેક્ટર દિલીપ રાણાને ૨૦૦થી વધુ ધાનેરાના વેપારીઓ આવેદન પત્ર આપ્યું હતું.

# ભિલોડા-શામળાજી માર્ગ પર કારે પલટી ખાતાં બે યુવાનોનાં મોત

ભિલોડા,તા.૨૪

ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર આવેલ રીંટોડા પાટીયા પાસે ગત રોજ સમી સાંજે મારૂતી અલ્ટો કાર ચાલકે સ્ટેરીંગ ઉપરનો કાબુ




એકા-એક ગુમાવતા કાર ખાડામાં પલટી મારતાં ભિલોડા છાપરાંના બે આશાસ્પદ નવયુવાનોના કરૂણ મોત નિપજતાં ઘટનાસ્થળે સગાં-સબંધીઓ અને લોકોના ટોળે-ટોળા ઉમટ્યા હતા. મારૂતી અલ્ટો કારના કુરચે-કુરચા ઉડી ગયા હતા.

ભિલોડા છાપરાંના આશાસ્પદ બે નવયુવાનો શામળાજીથી ભિલોડા તરફ મારૂતી અલ્ટો કાર નંબર.જી.જે. ૯. એ.જી. ૬૧૬૯ માં પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન સમી સાંજે કાર ચાલક રાહુલ અસારીએ કારના સ્ટેરીંગ ઉપરનો કાબુ એકા-એક ગુમાવી બેસતાં રીંટોડા પાટીયા પાસે કાર ખાડામાં ખાબકતાં કાર ચાલક રાહુલ મણીલાલ અસારી આશરે ઉંમર. વર્ષ.૨૩ અને કશ્યપ બાબુલાલ બોડાત આશરે ઉંમર વર્ષ-૨૨ બંન્ને રહેવાસી. ભિલોડા છાપરાંના આશાસ્પદ નવયુવાનોનું આકસ્મીક અકસ્માત દરમ્યાન કરૂણ મોત નિપજતાં પરીવારજનો, સગાં-સબંધીઓ હૈયાફાટ રૂદન કરતા હતા.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ.આર.સંગાડા, પોલીસ કાફલો ઘટનાસ્થળે તાબડતોબ પહોંચી બંન્ને નવયુવાનોના મૃતદેહો કોટેઝ હોસ્પિટલમાં પી.એમ.અર્થે ખસેડાયા હતા. ડાૅ.મંગલેશ પટેલએ બંન્ને નવયુવાનોના મૃતદેહનું પી.એમ. કરી મૃતદેહ પરીવારજનોને સોપતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.

ભિલોડા છાપરાં ગામના આશાસ્પદ બે નવયુવાનોના અકસ્માત દરમ્યાન કરૂણ મોત નિપજ્યા હોવાના સમાચાર વાયુવેગે પ્રસરી જતાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી ત્યારે ઘટનાસ્થળે અને કોટેઝ હોસ્પિટલમાં સામાજીક કાર્યકરો રાજેશભાઈ નિનામા, ગુણવંતભાઈ ત્રિવેદી, કાંતીલાલ પટેલ, શિવાભાઈ ઠાકોર, દિગ્વિજયસિંહ સિસોદીયા, રમેશભાઈ સિંધી સહિત સગાં-સબંધીઓ અને લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા. બંન્ને નવયુવાનોના પરીવારજનોને સાંત્વના આપી હતી.

ભિલોડા છાપરાં ગામના મણીલાલ લાલજીભાઈ અસારીએ પોલીસ સ્ટેશનમાં અકસ્માત સંદર્ભે ફરીયાદ નોંધાવતાં પોલીસએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# હડીયોલ ગામે પરણિત યુવાન સગીરાને ભગાડી જતા ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના હડીયોલ ગામે ગામના પરણિત યુવાને સગીરાને લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયેલ જે અંગે સગીરાના પિતાએ ફરિયાદ નોધાવતા એ ડીવીઝન પોલીસે ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

હડીયોલ ગામના જગદીશભાઈ તડવી જે પરણિત હોવા છતાં ૧૫ ઓગષ્ટની રાત્રીએ દશરથસિંહ પુંજસિંહ પરમારના ઘરે જઈ સગીરાનેલલચાવીફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ભગાડી લઈ ગયેલ જે અંગે પરિવારજનોએ તપાસ કરતા કોઈ પત્તો નહિ લાગતા બુધવારે હિમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશને સગીરાના પિતા દશરથસિંહ પરમારની ફરિયાદ આધારે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# દેસાસણ ગામે મજુરીના પૈસા બાબતે ઝઘડો થતા ફરીયાદ

હિંમનગરના દેસાસણ ગામે મંગળવારે મજુરીના પૈસાની ઉઘરાણી કરતા એક ઈસમે ઉશ્કેરાઈ જઈ બે જણાને ઈજાઓ પહોંચાડીને નાસી છૂટ્યો હતો. જે અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી. બાવસર ગામના લક્ષ્મીબેન બાલાજી પરમાર ના જણાવ્યા મુજબ જીતુભાઈ સૌરભભાઈ ઠાકોર તથા ભરતભાઈએ જીતુભાઈ ઠાકોર સાથે મજુરી કરતા હતા જે બાબતથી મંગળવારે ભરતભાઈ જીતુભાઈ પાસે મજુરીના પૈસાની માગણી કરી હતી જેથી દેસાસણના ભરતભાઈ ખેમતાજી ચૌહાણ ને મારી નાખવાની જીતુભાઈ ઠાકોરે ધમકી આપી માથામાં ઈજાઓ પહોંચાડી ભાગી ગયા હતા.

# વાહન સીઝીંગનું કામ કરતા ઈસમે ધમકી આપી માર મારતા ત્રણ વિરુધ્ધ ફરીયાદ

હિંમતનગરના આરટીઓ સર્કલ પાસે ગત મંગળવારે વાહન સીઝીંગનું કામ કરતા ઈસમે વાહન સીઝીંગ કર્યા સિવાય છોડી મુકતા તેને હિંમતનગરની એક બેંકના મેનેજરે છુટા કરી દીધા હતા. દરમિયાન આ ફરીયાદની ખરાઈ કરવાની વાત આવી ત્યારે આ ઈસમ તથા અન્ય બે જણાએ ઉશ્કેરાઈ જઈ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ચરાડા ગામના ઈસમને માર મારી ઘાતક હથિયારથી હુમલો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપતા ત્રણેય જણા વિરુધ્ધ બુધવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી.

આ અંગે ચરાડા ગામના કમલેશભાઈ મંગળભાઈ પ્રજાપતિના જણાવ્યાનુસાર ઈડર તાલુકાના ચિત્રોડા ગામના આકાશભાઈ ચૌધરી પી.આર.ચૌધરી કલેક્શન એજન્સી મહેસાણામાં વાહનોની લોન ભરપાઈ ન થયેલ વાહનોનુ સીઝીંગ કરવાનું કામ હોય તેમ હિંમતનગરની ઈન્ડસઈન્ડ બેંકના મેનેજરને જાણ કરતા બેંક મેનેજરે આકાશભાઈ ચૌધરીને છુટા કરી દીધા હતા.જેથી આકાશભાઈ ચૌધરી,જયેન્દ્રસિંહ અને વિરેન્દ્રસિંહે ભેગા મળી કમલેશભાઈને મેનેજર પાસે ખોટી વાતો કરતા હોવા બાબતે ખરાઈ કરવાની વાત આવી હતી. જેથી મામલો મારામારી સુધી પહોંચી ગયો હતો. જેમાં વિરેન્દ્રસિંહે તિક્ષ્ણ હથિયારથી કમલેશભાઈ પ્રજાપતિ પર હુમલો કર્યો હતો. તથા આકાશ અને જયેન્દ્રસિંહે કમલેશભાઈને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યાર બાદ કમલેશભાઈ પ્રજાપતિએ ત્રણેય જણા વિરુધ્ધ ફરીયાદ નોંધાવી હતી.

# હિંમતનગરમાં ૧.૫૫ કરોડની છેતરપીંડી કરતા ત્રણ સામે ફરીયાદ

હિંમતનગરમાં મહાવીર નગરમાં આવેલ એક પરિવાર ના એક શખ્સ સાથે હિંમતનગર પાસે આવેલ પુનાસણ ગામના રહીશ પતિ-પત્ની અને પુત્ર ભેગા મળી રૂ. ૧.૫૫ કરોડ પડાવી લઈ વિશ્વાસઘાત કરતાં હિંમતનગર એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે અયોધ્યા પુરી સોસાયટીમાં રહેતા જીજ્ઞેશકુમાર કચરાભાઈ પટેલે નોંધાયેલી ફરીયાદમાં પુનાસણ ગામના કૈલાશબેન જયેન્દ્રભાઈ હીરાલાલ વ્યાસ અને રોનક જયેન્દ્રભાઈ વ્યાસે ભેગા મળી તા.૨૭/૦૯/૨૦૧૨ થી આજ દિન સુધી ના સમયગાળા દરમિયાન હિંમતનગરમાં ચાલતી હરિઓમ એજન્સી જે ખ્યાતનામ કંપનીના બિસ્કીટ તથા અન્ય વસ્તુઓ જિલ્લામાં વેચે છે જેમાં ૫૦ ટકાના ભાગીદાર બનાવવા લાલચ આપી કૈલાશબેન વ્યાસે જીજ્ઞેશભાઈ પટેલને સૌ રૂપિયાના સ્ટેમ્પ પર ભાગીદારી કરાર કરી આપ્યા હતા અને તેમની પાસેથી રૂ.૭૮ હજાર અને કંપનીના માલ પેટે રૂ. ૩૫ લાખ અને તેમના ઘર ઉપર પેઢી લોન કરાવી રૂ. ૪૨ લાખ મળી અંદાજે રૂ.૧.૫૫ કરોડ સેરવી લીધા હતા.તેમ છતાં ભાગીદારીનો હિસ્સો નહી આપી વિશ્વાસઘાત કર્યો હતો. ત્યારે જીજ્ઞેશકુમાર પટેલે પુનાસણના પરિવાર પાસે વારંવાર ઉઘરાણી કરવા છતાં રૂપિયા પાછા ન આપી જીજ્ઞેશકુમાર તથા પરિવારને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી હતી તેથી જિજ્ઞેશકુમાર પટેલે ત્રણે વિરુધ્ધ બુધવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.



દ્વારિકાધીશના અવતાર બાબા રામદેવજીના ભાદરવાના મહામેળામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ આજ ભાદરવી બીજે લાખો ભાવિકો ઉમટી પડીને રામદેવરાના નિજ સમાધિ મંદિરે દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મોડાસા, ધનસુરા સહિતથી અને અરવલ્લી, ઉત્તર ગુજરાતમાંથી પણનીકળેલા પગપાળા સંઘોના પદયાત્રીઓનો મહેરામણ રણુજામાં બાબાના દર્શને ઉમટી રહ્યાં છે. જય બાબારી બાબો ભલી કરે...ના જયઘોષથી રણુજાના માર્ગો ગુંજી રહ્યા છે.